**જુગારધારાની જોગવાઇઓ મુજબ જુગાર/ વરલી-મટકા/સટ્ટા બેટીંગ જેવી અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા તથા તેના કડક અમલીકરણ અંગે.**

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
**પરિપત્ર ક્રમાંકઃજપધ/૧૦૨૦૧૩/૨૨૫/મ**
૨, સરદાર ભવન, સચિવાલય,ગાંધીનગર.
**તારીખઃ** 22 MAY 2013

**સંદર્ભ**-(૧) ગૃહ વિભાગનો તા.૫/૯/૨૦૦૩ ના ઠરાવ ક્રમાંકઃ જપધ/૧૦૨૦૦૩/રાકમ/૪૮/મ.

**પરિપત્ર :-**

જુગાર/વરલી-મટકા અને સટ્ટા-બેટીંગએ એક અસામાજીક પ્રવૃત્તિ/બદી છે. રાજયમાં આવી અસામાજિક પ્રવૃત્તિઓ તથા ગેરકાયદેસર ચાલતા અડ્ડાઓ બંધ કરાવવા અતિ જરૂરી છે. ગુજરાત જુગારધારા પ્રતિબંધક ધારાનો કડકપણે અમલ થાય તે માટે સરકારશ્રી તરફથી અવાર નવાર સુચનાઓ આપવામાં આવેલ છે. આ બદીના નિવારણ માટે સરકાર કૃતનિશ્ચયી છે અને તે માટે વધુ અસરકારક પગલાં લેવાય તેમ ઈચ્છે છે.

આવી અસામાજિક પ્રવૃત્તિઓ બંધ કરાવવા સરકારશ્રી તરફથી અવાર-નવાર સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આમ છતાં તેની અમલવારી અસરકારક થતી ન હોવાને કારણે ધાર્યા મુજબના પરિણામો મળતા ન હોવાનું જોવામાં આવ્યુ છે. આવી અસામાજિક પ્રવૃત્તિઓનો વ્યાપ ઘટે અને લોકો તેના ભોગ ન બને એથી આ બાબતને ગંભીરતા પૂર્વક લઇને સરકારશ્રીની સૂચનાઓનો કડક પણે અમલ કરવા ઉપરાંત નીચે મુજબની કાર્યાવાહી હાથ ધરવા સર્વે સંબંધકર્તાઓને જણાવવામાં આવે છે.

(૧) રાજ્યમાં તમામ જિલ્લા/શહેરના પોલીસ સ્ટેશન ખાતે તાત્કાલિક અસરથી બુટલેગર/બુકીઓ /જુગારીઓનું લીસ્ટ તૈયાર કરવું અને સમયાંત્તરે તે અપડેટ કરવું.

(૨) આવી બુટલેગર/બુકીઓ/જુગારીઓની યાદીમાં સમાવેશ થયેલ હોય તે પૈકી જે ઇસમો સામે અવાર-નવાર ગુનાઓ નોંધાયા હોય અને ધરપકડ કરવામાં આવતી હોય તેવા ઇસમો સામે (રીઢા

ગુનેગાર)જરૂર જણાયે **'પાસા'** હેઠળ કાર્યવાહી કરવાની શક્યતાઓ તપાસીને યોગ્ય પગલાં લેવાની કાર્યવાહી કરવી.

અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) તરફથી યોજવામાં આવતી વીડીયો કોન્ફરન્સમાં પણ આ બાબતે થયેલ પ્રગતિની વિગતો રજુ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અરવિંદ પુરોહિત)
21.5.13
નાયબ સચિવ
ગૃહ વિભાગ.

પ્રતિ,

-પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય,પોલીસ ભવન, ગાંધીનગર.
-સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ.
-સર્વે રેન્જ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ/ રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ .
-સર્વે કલેક્ટરશ્રીઓ..
-સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ.(વે. રેલ્વે, વડોદરા સહિત)
-શાખા સિલેકટ ફાઇલ

IT Cell, ગૃહવિભાગ, જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે